સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

'આઈપીએલ' તો ટીવી પર રમાય છે જુગાર...
ને સત્તા માટે તોડફોડનો રમાય છે જુગાર...
રમાય છે ગંદા શબ્દોનો જુગાર પણ ચૂંટણીમાં -
સ્વખર્ચે, નિજાનંદે પત્તાનો રમાય છે જુગાર...

હાઈકુ

પોલીસ સાથે
તડજોડ પછીથી -
થાય છે તોડ...

તૂરત દાન -
ન મળે તો દરોડો -
ચઢે છે છાપે...

(પોલીસની 'સામાન્ય' ખોટી છાપ)

ચિંતન

ભિદ્યતે હૃદયગ્રંથિઃ છિદ્યન્તે સર્વસંશયાઃ ।
ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ તસ્મિન દૃષ્ટે પરાવરે ॥

ઉપરોક્ત શ્લોક મુંડક 'ઉપનિષદ' માંથી લેવામાં આવેલ છે.

સંસાર અને એના કારણરૂપ પરાત્પર પરમેશ્વર ને જાણ્યા પછી મનુષ્યના હૃદયની બધી ગૂંચવણ દૂર થઈ જાય છે. બધાયે સંશયો નષ્ટ થાય છે અને સર્વ શુભાશુભ કર્મબંધન કરનાર પુણ્ય પાપ નિર્મૂળ થઈ જાય છે.

પરમાતત્વ - પરમબ્રહ્મ - ચૈતન્યને ઓળખવામાં આવી જાય અને જીવ-આત્મા જ પરમહંસ સ્વરુપ બ્રહ્મ છે એની સાચી-ઊંડી સમજ આવી જાય પછી બધી જ સમસ્યા - પીડા અને દુઃખોનો અંત આવી જાય છે.

પાપ પુણ્ય અને પરિણામોનો પણ અંત આવી જાય છે એની કોઈ પરિસ્થિતિ અલગપણે રહેતી નથી.

સુવિચાર

- દરેક ઈરાદો ઉર્જાને ગતિ આપે છે, હા તે માટે જાગૃતિ હોવી જરૂરી છે - **ગેરી ઝુકાવ**
- તમારે જે જોઈએ છે તે મેળવાનો એક માત્ર માર્ગ તમને જે નથી જોઈતું તે છોડવાનો છે - **બોધિવૃક્ષ**
- એકાંત સજીવન કરે છે, એકલતા મારી નાખે છે - **સંત જોસેફ**
- સત્યપૂતની વાણીનું સામર્થ્ય અમોઘ હોય છે - **નાથાલાલ જોશી**
- ઈશ્વરને માપવો એ આકાશને ગલેફ ચઢાવવા બરાબર જ છે - **જ્ઞાનદેવ**
- છે માનવી જીવનની ઘટમાળ એવી, દુઃખ પ્રધાન, સુખ અલ્પ થકી ભરેલી - **નરસિંહરાવ દિવેટીયા**
- આજનું ઔષધ : નાભિ ખસી જાય ત્યારે હીંગને પાણીમાં ઘોળીને એ પાણી નાભિ પર રેડવાથી તરત ફાયદો થાય છે **(સંકલન : દિપક વી આશરા)**

બોધકથા

પંચોત્તેર વર્ષના વયોવૃદ્ધ ગેગેલિયો એ ખૂબ સંશોધન કર્યા પછી એક પુસ્તક લખ્યું તે પુસ્તકમાં એમણે લખ્યું હતું કે પૃથ્વી સૂર્યની આસપાસ ભ્રમણ કરે છે. આ હકીકતનો ધર્મસંસ્થા એ ખૂબ વિરોધ કર્યો. કારણ કે ધર્મગ્રંથોમાં એવું લખાણ હતું કે સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે અને ધર્મગ્રંથની એ આજ્ઞા કોણ ઉપાથી શકે ? ધર્મગુરુઓએ ગેલિલિયોને પોતાની વાત બદલવા કહ્યું ત્યારે બીજી કોઈ પોચી વ્યક્તિ તેય તો ચિંતાના બોજ હેઠળ દબાઈ જાતા. પોતાની વાત ને ખોટી જાહેર કરવાનો વિચાર જ એને ભયભીત કરી દેત. પરંતુ ગેલેલિયો એ કહ્યું, 'હું તો મોતની રાહ જોઈને જ જીવું છું. એટલે મને મારવાનું કષ્ટ ન કરશો. અને મારા પુસ્તકમાં રજૂ થયેલો મારો વિચાર બદલવા હું તૈયાર છું.' ધર્મગુરુઓને એમ લાગ્યું કે એમનો વિજય થયો પણ ગેલિલિયોએ કહ્યું, 'પુસ્તકમાં રજૂ કરેલી હકીકત હું બદલું તેથી પૃથ્વી કે સૂર્ય બદલાવાનાં નથી. વળી પૃથ્વી મારું પુસ્તક વાંચવાની નથી, એમાં કરેલું પરિવર્તન જોવાની નથી, એ તો સૂર્યની પરિક્રમા કરતી જ રહેશે.' કોઈ પણ ચિંતા કે બોજ વિના ગેલિલિયોએ પુસ્તકમાંથી એ પ્રકરણ કાઢી નાખ્યું, કારણ કે તે જાણતા હતા કે આનાથી વાસ્તવિકતામાં કોઈ ફરક પડતો નથી. હકીકત તો એ જ રહેશે. આપણી ઘણી ચિંતાઓ આવી મિથ્યા હોય છે. મોજમસ્તીથી આવી ચિંતાને માથા પરથી ઉતારીએ તો આપણું જીવન હળવું બનશે.

સબ કેસરી હો જાયેગા

તંત્રીસ્થાનેથી...

ભારત આઝાદ થયું તે પૂર્વે ઘણાં બધાં રજવાડાંના પોતાના ધ્વજ હતા. વડોદરા રાજ્યનો ધ્વજ ભગવા રંગનો હતો. રાજપૂતો પોતાની આન-બાન અને શાનના પ્રતીક તરીકે 'કેસરિયાં' કરતા રહેતા અને કેસરી રંગ એ શહીદીનો તથા વીરતાનો રંગ ગણાતો હતો. એ મૂળે એ હિંદુત્વનો જ પર્યાય બની ગયેલ હોઈ ભારતના રાષ્ટ્રધ્વજમાં પણ ત્રણ રંગો પૈકી એને સૌથી ઉપર મૂકવામાં આવેલો છે. ભારતીય જનતા પાર્ટીની મૂળ ઓળખ જ હિંદુત્વની વિચારધારાને વરેલી પાર્ટી છે અને એનું અંતિમ લક્ષ્ય તો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની 'હિંદુ રાષ્ટ્ર' બનાવવાની સંકલ્પનાનું જ સમર્થન કરે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એ દિશામાં ધીમાં પણ મક્કમ ડગ માંડ્યાં છે. રાષ્ટ્રીય પર્વો વખતે તેઓ ધ્વજારોહણ વખતે ગાંધી ટોપી નહીં પરંતુ વીર રાજપૂતોની ઓળખ સમો કેસરી સાફો પહેરતા રહ્યા છે. એમના પક્ષના પ્રતીક કમળના પ્રતીકને પણ કેસરી બ્રેકગ્રાઉન્ડમાં જ મઢવામાં આવે છે. પંજાબના મહારાજ રણજિંતસિંહે હિંદુસ્તાનના નકશામાં અંગ્રેજ શાસનના પ્રદેશો પર નજર ફેરવતાં કહેલું : 'સબ લાલ હો જાયેગા.' એ નકશામાં અંગ્રેજ શાસિત પ્રદેશોને લાલ રંગે ચીતરેલા હતા. આપણે આજે જે પરિસ્થિતિ સરજાઈ છે - ખાસ તો લોકસભામાં એક તરફી પરિણામો અને તે પછી જમ્મુ - કાશ્મીર અંગેના ઐતિહાસિક નિર્ણય બાદ જે રીતે પ્રજામત પારખી એક પછી એક કોંગ્રેસથી લઈ પ્રાદેશિક પાર્ટીઓના નેતાઓ ભાજપનો કેસરિયો ખેસ પહેરવા લાઈન લગાવી રહ્યા છે, તે જોતાં આગામી દિવસોમાં દેશ આખો કેસરિયા રંગે રંગાઈ જવાની પૂરી શક્યતા છે. કોંગ્રેસ જેવી રાષ્ટ્રીય પાર્ટીને નામશેષ કરી દેવાની ભીષ્મ પ્રતિજ્ઞા સાથે રાજકારણના કુરુક્ષેત્રમાં ઊતરેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ કરતાં સવિશેષ મોદીના જમણા હાથ જેવા ગૃહમંત્રી અમિત શાહ ભારતીય જનતા પાર્ટીને વિશ્વની સૌથી વધુ સભ્યસંખ્યા ધરાવતી પાર્ટી બનાવવામાં સફળ થયા છે. જમ્મુ અને કાશ્મીર અંગેના માસ્ટર સ્ટ્રોક પછી તો કોંગ્રેસ સહિત બધા જ વિપક્ષો બ્રેઈન સ્ટ્રોક જેવી લકવાયેલી હાલતમાં આવી ગયા છે. જમ્મુ કાશ્મીરના મૂલ માલિક - પૂર્વ મહારાજા ડૉ. કરણસિંહે સરકારના ઐતિહાસિક નિર્ણયનું સમર્થન કર્યું અને કોંગ્રેસની આશા સમાન યુવા નેતા ગ્વાલિયરના પૂર્વ મહારાજાના વંશજ જયોતિરાદિત્ય સિંધિયા તથા સોનિયા ગાંધીને હિંદી શીખવનારા વિદ્વાન કોંગ્રેસી અગ્રણી ડૉ. જનાર્દન દ્વિવેદીએ અને છેલ્લે હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી હુડાએ પણ રાહુલ-સોનિયા-ગુલામનબીથી તદ્દન સામેની દિશાનું વલણ અપનાવ્યું તે પછી કોંગ્રેસ માટે અવઢવમાંથી ઊગરવું અઘરું બની ગયું છે. ગુજરાત કોંગ્રેસ મૃતપ્રાય સ્થિતિમાં મુકાઈ ગઈ છે. હવે પછી શું ? એનો દિશા નિર્દેશ અમરેલી ખાતે વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ લોકસભાની ચૂંટણીમાં એમને કારમી શિકસ્ત આપનાર કાછડિયા સાથે જિમ્નેશિયમના ઉદ્ઘાટન પ્રસંગે હાજરી આપીને દર્શાવેલ સદ્ભાવમાંથી મળે છે. આખરે તો પ્રજાનાં કામ કરવા માટે નેતાઓ ચૂંટાય છે. પાર્ટીનાં વળગણ સાથે પણ વિરોધી સાથે વિકાસનાં કામોમાં મંચ શૅર કરી શકાય - એનું આ નેત્રદીપક ઉદાહરણ છે. કેસરિયો હવે દક્ષિણ ભારતમાં પણ ઝડપથી ફેલાઈ રહ્યો છે. તેલુગુ દેશમના સંખ્યાબંધ નેતાઓ ભાજપમાં જોડાયા તે એનો પુરાવો છે.

રોગથી છૂટકારો મેળવવા બાળકમાં આત્મવિશ્વાસ જગાવવો પડે

નવાં કલેવર
નટવર હેડાઉ

અંક્તિ જાગી ગયો હતો પણ પથારીમાંથી ઉઠવાનું નામ લેતો ન હતો. તેને ખબર હતી કે પથારીમાંથી ઉઠતા જ ઘરનાં બધાંને ખબર પડી જશે કે તેણે સાંજે પણ પથારીમાં સૂ...સૂ... કરી દીધી છે. તેથી બધાં મળી તેની ખૂબ મજાક ઉડાવશે.

મમ્મી રસોડામાં નાસ્તો બનાવતી હતી. તેણે વચ્ચે વચ્ચે બૂમ પાડેલી, ઘરનાં બીજાં વ્યક્તિઓ સૌ પોતપોતાના કામમાં લાગેલાં હતા.

અંક્તિ આઠ વર્ષનો થઈ ગયો. ચોથા ધોરણમાં ભણતો હતો. આટલો મોટો થવા છતાં અવાર નવાર પથારીમાં પેશાબ કરી દેતો હતો.

આજે પણ એ જ થયું. તેથી તે ઉઠવામાં ખુબ આનાકાની કરતો હતો. ભીની પથારીમાં રજાઈ ઓઢી ટૂંટિયું વાળી પડ્યો હતો. આજે રવિવાર હતો. બધાં ઘરમાં જ હતા. અચાનક મમ્મીને શક પડ્યો. તે રસોડામાંથી ભાગીને આવી અને અંક્તિની રજાઈ ખેંચી લીધી.

'કેવો છોકરો છે તું... આજેય પથારીમાં પેશાબ કર્યો. સારું ન કહેવાય, ચાલ હવે ઉઠ' તેણે ધમકાવ્યો.

હવે સૂઈ રહેવાનો કોઈ મતલબ ન હતો. તેની પોલ ખુલી ગઈ હતી અને આખા ઘરને ખબર પડી ગઈ હતી. તે બેઠો થઈને બાથરૂમ તરફ ભાગ્યો.

આગણાંમાં ઊભેલ પપ્પાએ તેને એકીટસે જોયો. ગીતા દીદી એ તેની મજાક ઉડાવતા કહ્યું, 'વાહ કેવી સાહેબી છે. બધું પથારીમાં...'

બધાં જોરશોરથી મજાક ઉડાવવામાં લાગી ગયાં તે વખતે દાદીમાં તેમના ઓરડામાંથી બહાર આવ્યા. તે કાલે જ ગામડેથી આવ્યા હતા. આટલી વારથી બધાંની વાતો સાંભળતાં હતા. બિચારો અંક્તિ રડવા જેવો થઈ ગયો હતો. 'શું છે ? બધાં ભેગા મળી આની મજાક કેમ કરો છો? આમાં હસવા જેવું શું છે ?' તેમણે બધાંને ધમકાવ્યાં.

'બા, એ કામ જ એવું કરે છે. ઊંટ જેવડો થયો તોય પથારીમાં પેશાબ કરી દે છે.' પપ્પા તેની મજાક ઉડાવવાના મૂડમાં હતા.

'ત્યારે તો એ બિલકુલ તારા પર ગયો છે.' દાદીમાં બોલ્યાં.

'એટલે ?'

'એટલે એમ કે તું પણ દસ વર્ષનો થયો ત્યાં સુધી પથારીમાં પેશાબ કરતો. એ તો હજુ આઠ વર્ષનો જ છે. દાદીમાં એ હસીને કહ્યું.'

પપ્પાને સંકોચ થયો. તે ના... ના... કરવા લાગ્યા. મમ્મી હસતી હસતી ફરી રસોડામાં જતી રહી.

દાદીમાં એ ત્યારે જ જાહેર કરી દીધું કે આજથી અંકિત મારી પાસે સૂઈ જશે. તે તેની પેશાબ કરવાની આદતને મહિનામાં છોડાવી દેશે.' છોકરાઓને મારઝૂડ કરવાથી કે ખીજવવા કે મજાક કરવાથી શિખવી શકાય નહીં. તેને 'ટ્રોઈલેટ ટ્રેનિંગ' આપવાની જરૂર હોય છે.' તેમણે સમજાવ્યું.

'મેં તેને ખૂબ ટોઈલેટ ટ્રેનિંગ આપી. સારા સારા ડૉકટરોને બતાવ્યું. પણ આ નાયાલક સુધરતો જ નથી.' પપ્પા સંકોચ સાથે બોલ્યા.

દાદીમાં કંઈ બોલ્યા નહીં તે હસી રહ્યા. તે દિવસે દાદીમાં એ એક કામ કર્યું. તલ, લોટ, સુકો મેળવો અને ગોળ નાંખી દેશી ઘી મેળવી મોટા મોટા લાડુ બનાવ્યા. સાંજે બે લાડુ અંક્તિને આપતા કહ્યું, 'લે બેટા, આ તારી દેશી દવા.'

'દવા ?' અંક્તિને નવાઈ લાગી. આ પહેલાં કોઈ ડૉકટરો તેને આટલી સ્વાદિષ્ટ દવા આપી નહોતી.

'હા, વરસાદની ઠંકડ હોય ત્યારે તલના લાડુ ખાવાથી બાળકોને પથારીમાં પેશાભ થઈ જતો નથી.' પછી જરા હસતાં બોલ્યા, 'હાં, ભઈ, બીજા કોઈને પણ આવી બિમારી હોય તો કહી દેજો તમને પણ લાડુ આપીશ.' બધાના ચહેરા જોવા જેવા થઈ ગયા. બધાંના મોંમાં પાણી આવતું હતું. અંકિત બધાને દેખાડી દેખાડીને લાડુ ખાતો હતો. ગીતા દીદીએ તો ખીજાઈને કહી પણ દીધું, 'વાહ કેવી સરસ દવા દાદીમાંએ શોધી કાઢી છે. બહુ લાડ લડાવે છે.'

તલના લાડુ ખવડાવવાની સાથે દાદીમાં અંક્તિને 'ટોઈલેટ ટ્રેનિંગ' પણ દેતાં હતા. તે રાતે સૂતા પહેલા અંક્તિને બાથરૂમ જવાનું કહેતા અને મોડી રાતે પણ એક વાર જગાડીને બાથરૂમ મોકલતાં. અંક્તિ આનાકાની વગર તેમની વાત માનતો હતો.

ધીરે ધીરે અંકિત રાતે પોતે જાતે બાથરૂમ માટે ઉઠવા લાગ્યો. હવે તેના મનમાંથી ડર નીકળી ગયો હતો કે રાતે પથારીમાં પેશાબ થઈ જશે. હવે તે એકદમ બરાબર હતો.

બધાંને નવાઈ લાગતી હતી. પપ્પાએ કહ્યું, 'વાહ બા તમારા તલની લાડુએ તો કમાલ કરી. આ તો આ રોગની પેટન્ટ દવા સાબિત થઈ. અમે તો તેને ધમકાવતા ફટકારતાં અને મોટા મોટા ડૉકટરોને બતાવી થાકી ચૂક્યા હતા. પણ બધું નક્કામું.'

દાદીમાં હસી પડ્યાં, 'બેટા, આ રોગથી છૂટકારો મેળવવા સૌથી પહેલાં તો બાળકમાં આત્મવિશ્વાસ જગાવવો પડે. તેના માટે બાળકને ધમકાવવા - મારવા કે તેની મજાક ઉડાવવાથી કંઈ થાય નહીં. તેનો મનોવૈજ્ઞાનિક ઉપચાર કરવાની જરૂર પડે છે.'

દાદીમાંની વાત સાંભળી સૌ હતપ્રભ રહી ગયાં. તેમને આટલી નાની વાત પહેલાં કેમ ન સમજાઈ.

રાધાજીને તો ક્યારેય કોઈ વાતનું ખોટું લાગે જ નહીં

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

શ્રીકૃષ્ણ અને રાધાજીના સ્નેહ, પ્રેમ અને સંબંધોને ઉજાગર કરતાં હજારો પ્રસંગો શ્રીમદ ભાગવત, અન્ય પૌરાણિક ગ્રંથો અને પુષ્ટિમાર્ગીય ગ્રંથોમાં ખૂબ જ રસપ્રદ રીતે આલેખાયેલા છે. આ ગ્રંથોમાં આલેખિત પ્રમાણભૂત પ્રસંગો ઉપરાંત પણ અનેક કવિઓ અને લેખકોએ પોતાની કલ્પના પ્રમાણે શ્રીકૃષ્ણ અને રાધાજીના પ્રેમ અને સ્નેહને લગતા પ્રસંગોનું વિવિધરૂપે આલેખન કર્યું છે. આ આલેખનો પ્રમાણે ઘણા પ્રસંગોમાં એવી બન્યું છે કે શ્રીકૃષ્ણ રાધાજીને વઢ્યા હોય, શ્રીકૃષ્ણએ રાધાજીનો કાન આમળ્યો હોય, શ્રીકૃષ્ણએ રાધાજીને અણગમતા વેણ કહ્યા હોય, શ્રીકૃષ્ણએ રાધાજી સાથે અણગમતું વર્તન કર્યું હોય, શ્રીકૃષ્ણએ રાધાજીને ચિડવ્યા હોય, શ્રીકૃષ્ણએ રાધાજીને કડવા વેણ કહ્યા હોય તો ક્યારેક શ્રીકૃષ્ણએ રાધાજીનું અન્ય ગોપ અને ગોપીઓ વચ્ચે અપમાન કર્યું હોય, શ્રી કૃષ્ણ રાધાજીને છોડીને ચાલ્યા ગયા હોય, શ્રી કૃષ્ણના આ પ્રકારના કોઈપણ પ્રકારના વર્તનના પ્રતિભાવરૂપે રાધાજીએ પણ ક્યારેક છણકો કર્યો હશે, રાધજીએ પણ ક્યારેક મીઠો ઝઘડો કર્યો હશે, રાધાજી પણ ક્યારેક રિસાઈ ગયા હશે, રાધજીએ પણ ક્યારેક શ્રીકૃષ્ણ વિરુધ્ધ યશોદાજીને ફરિયાદ કરી હશે, રાધજીએ પણ ક્યારેક શ્રીકૃષ્ણ સામે અબોલા લીધા હશે તો ક્યારેક શ્રીકૃષ્ણ ઉપર ગુસ્સો કરીને તેમને રાધજીએ ટપલી પણ મારી હશે.શ્રીકૃષ્ણ અને રાધાજી વચ્ચે આવું ઘણું બધુ અને ઘણીવાર બન્યું હશે છત્તા રાધાજીને ક્યારેય કશાયનું ખોટું લાગ્યું હોય એવું બન્યું નથી.

આ વાત માત્ર રાધાજીના શ્રીકૃષ્ણ સાથેના સંબંધોની જ નથી. શ્રીકૃષ્ણ સાથેના રાધાજીના નિકટના સંબંધોને લઈને ક્યારેય અન્ય ગોપ-ગોપીઓ પણ રાધાજીની મજાક-મશ્કરી કરી લેતા. ક્યારેક માતા યશોદાજી અને માતા રોહિણીજી પણ રાધાજીને વઢી લેતા પણ રાધાજીને કોઈ જ વ્યક્તિ પ્રત્યે, કોઈ જ વાતનું ખોટું લાગ્યું હોય એવું બન્યું નથી, રાધાજીને પોતાની લાગણીને ઠેસ પહોંચી હોય એવું બન્યું નથી. હા, લલિતા, વિશાખા કે વૃંદા જેવી રાધાજી અને શ્રીકૃષ્ણની અન્ય સખીઓને શ્રીકૃષ્ણ કે રાધાજી પ્રત્યે ખોટું લાગ્યું હોય એવા પ્રસંગો છે પણ રાધાજીને ક્યારેય નહીં. કેટલાક સાહિત્યિક ગ્રંથોમાં પણ એવા ઉલ્લેખો છે અને ગ્રંથકારોએ આશ્ચર્ય સાથે અભિવ્યક્ત કર્યું છે કે આ છોકરીને (રાધાજી) ક્યારેય કશાયનું કેમ ખોટું જ નથી લાગતું. હા, એ વાતમાં તો રાધાજી તો રાધાજી જ હતા, તેમને એ વાતે કોઈ પહોંચે જ નહીં!

કેટલીક વ્યકિતઓ એવી હોય છે જેમને નાની નાની વાતોમાં, વાતે વાતે વાંકું પડતું હોય છે અને વાતે વાતે ખોટું લાગી જતું હોય છે. આ પ્રકારની વ્યકિત સાથે વ્યવહાર કે વર્તન કરીએ ત્યારે આપણે તેમને 'હેન્ડલ વીથ કેર' અથવા તો તેઓ પ્રત્યે ખૂબ જ કાળજી રાખીને વર્તન કરવું પડતું હોય છે. જો કે આ પ્રકારની માનસિકતા ધરાવતી વ્યકિતને ખોટું લાગે છે ત્યારે એ લાંબો સમય ચાલતું નથી. આવી વ્યકિત સાથે છાસવારે આવું બનતું હોય છે તેથી તેની સાથે સંબંધો રાખનાર અને વ્યવહાર કરનાર વ્યકિત પણ ટેવાઈ ગઈ હોય છે. આ પ્રકારની વ્યકિતની વારંવાર ખોટું લગાડવાની માનસિકતા તેના કેટલાક સંબંધીઓને અનુકૂળ નથી આવતી હોતી. જે લોકોને અનુકૂળ નથી આવતું એવા સંબંધીઓ એ વ્યકિત સાથે કાયમી ધોરણે 'આવજો' કહીને છેડો ફાડી નાખતાં હોય છે. આમ વારંવાર ખોટું લગાડનાર વ્યકિત અને સંબંધીત બંનેને એકબીજાના સંબંધોથી વંચિત રહી જવું પડતું હોય છે. કોઈ વ્યક્તિની નાની નાની વાતોમાં વારંવાર લાગણી દુભાતી હોય કે ખોટું લાગતું હોય તો એવું પણ માની શકાય કે એ વ્યક્તિ કોઈ માનસિક રોગનો શિકાર બની ગઈ છે. આ માનસિક રોગ એવો હોય છે કે જેમાથી મુક્ત થવું બહુ મુશ્કેલ હોય છે

કેટલીક વ્યક્તિઓને પોતાના સંબંધીઓની દુઃખતી નસ વારંવાર દબાવવાની આદત પડી ગઈ હોય છે. તેઓ જાણી જોઈને સંબંધિત વ્યકિતને ખોટું લાગે કે તેની લાગણી દુભાય એવું વર્તન કરીને સામેની વ્યકિતની લાગણીને ઠેસ પહોચાડતા હોય છે. ખાસ કરીને તેઓ આ પ્રકારનું વર્તન અન્ય લોકોની હાજરીમાં કરીને એ વ્યક્તિને નીચી દેખાડવા પ્રયત્ન કરતાં હોય છે. આવું કરીને તેઓ એક પ્રકારનો વિકૃત આનંદ લૂટતા હોય છે. આ પ્રકારનું વર્તન એ ઘાતકી વર્તન જ કહી શકાય. એ એક પ્રકારની નિર્દયતા સિવાય બીજું કશું જ નથી. જે વ્યક્તિ આ પ્રકારનું ઘાતકી વર્તન વારંવાર કરતી હોય તેના વિષે પણ એવું કહી શકાય કે એ વ્યક્તિ પણ માનસિક રોગના શિકાર બની ગઈ છે. આ પ્રકારના માનસિક રોગમાંથી પણ મુક્ત થવું બહુ મુશ્કેલ હોય છે

વ્યક્તિને ખોટું લાગે છે અથવા તો તેમની લાગણી દુભાય છે તેનો આધાર કઈ પરિસ્થિતીમાં અને ક્યા સમયે વ્યક્તિ સાથે તેમને ના ગમતું વર્તન કરવાં આવે છે તેના ઉપર પણ રહેલો છે. કોઈપણ વ્યક્તિ સાથે જ્યારે જાહેરમાં કે બે-પાંચ વ્યક્તિઓના સમૂહમાં અપમાનજનક કે તેને ના ગમતું વર્તન કરવામાં આવે છે ત્યારે એ વ્યક્તિની લાગણી દુભાવાની શક્યતાઓ વધી જાય છે કારણ કે જાહેરમાં વ્યક્તિનું અપમાન થવાથી તેનું સ્વમાન વધારે ઘવાતું હોય છે. એવી જ રીતે વ્યક્તિથી વયમાં નાના હોય, સાથે તેમના કુટુંબીજનો હોય, સાથે તેમના જુનિયર કર્મચારીઓ હોય એવા લોકોની હાજરીમાં પણ જો તેમની સાથે અણગમતું કે અપમાનજનક વર્તન કરવામાં આવે તો તેમની લાગણી વધરે દુભાય છે. એવું જ વર્તન કે વ્યવહાર એ વ્યક્તિ એકલી હોય ત્યારે કર્યો હોય તો કદાચ એ વ્યક્તિને ખોટું ના પણ લાગે કારણ કે વ્યક્તિ એકલી હોય ત્યારે સ્વમાન ઓછું ઘવાય છે પણ જાહેરમાં પોતાની સાથે થયેલા દુર્વ્યવહાર ભાગ્યે જ કોઈ વ્યક્તિ સહન કરી શકતી હોય છે.

(ક્રમશઃ)

છોડો કલ કી બાતે, કલ કી બાત પુરાની - નયા ભારત !

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

પંદરમી ઓગસ્ટ, ૨૦૧૯ના શુભ દિને લાલ કિલ્લા ઉપર માનનીય વડાપ્રધાન મોદી સાહેબનું ભાષણ સાંભળીને સમગ્ર રાષ્ટ્રને ચોક્કસ મહેસૂસ થયું કે હવે ભારત પરિવર્તનના માર્ગે ગતિશીલ થઈ રહ્યું છે. કાશ્મીર-લદાખ ને સામાન્ય પ્રવાહમાં જોડવા માટે કલમ ૩૭૦ અને ૩૫-એ હટાવીને દેશમાં ભૂતકાળમાં થયેલી ભૂલને બહુ વ્યવસ્થિત રીતે દૂર કરવામાં આવી અને ત્યાં ના લોકોને પણ મોદીજીના આ નિર્ણયમાં ઘણો વિશ્વાસ ઊભો થયાનું ધીમે ધીમે સમજાઈ રહ્યું છે છતાં કોઈ દંગા કે ઉગ્રતા વ્યાપે નહીં માટે ત્યાં પૂરતો સલામતીનો બંદોબસ્ત પણ કરવામાં આવ્યો છે. પાકિસ્તાન ને કંઈ લાગતું વળગતું નથી છતાં વૈશ્વિક કક્ષાએ જયાં ત્યાં કાગારોળ કરવા લાગ્યું છે. જે દેશની આર્થિક હાલત તદ્દન તૂટી ચૂકી છે અને વાસ્તવમાં પડોશી રાષ્ટ્ર આત્મહત્યાના માર્ગે આગળ વધી રહ્યું છે ! ભારત પાસે બધુ જ છે તેમાં હવે પ્રશાસનની મક્કમ નિર્ણાયકતા, કૂટનીતિની સક્ષમતા ઉમેરાતા દેશ જરૂર આગળ જશે. માનનીય વડાપ્રધાન મોદીજી એ રાષ્ટ્રને સ્પર્શતા તમામ મુદ્દાઓને પોતાના પ્રવચનમાં આવરી લીધા અને એ પણ સર્વોત્તમ ભાષામ અને શૈલીથી તેથી વાત પ્રજાને શિરો ગળામાં ઉતરી જાય તેમ મનમાં ઉતરી ગઈ છે! જૂની વાતો અને ભૂતકાળને વાગોળતા રહેવાથી કંઈ મળતું નથી આ ઉપરાંત વર્તમાનમાં કરવાનો કર્મયોગ ચુકી જવાય છે માટે જ જે વાત થઈ તેમાં સૌથી ઉમદા મુદ્દો હતો લોકો માટે જીવન સંઘર્ષ અને તણાવ કમ કરવાનો એટલે કે ઈઝ ઓફ લિવિંગ ! આ માટે માળખાકિય સુવિધાઓ વધુ ઊભી કરવાનો નિર્ણય વ્યક્ત કરાયો છે. પેયજળ પ્રબંધન માટે મોટું બજેટ ફાળવ્યાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો જે ખૂબ જ સમયોચિત કદમ કહી શકાય. ગ્રામ્ય જીવનમાં ઊભી થતી હેરાનગતિ પણ વડાપ્રધાને વ્યક્ત કરી હતી.

રાષ્ટ્રીયતાને દિલથી સ્વીકૃત કરવા એ વાત પણ કરવામાં આવી કે ભારતીય લોકો વિશ્વમાં બધે ફરવા - પ્રવાસનમાં જાય છે છતાં પૂર્વોત્તર રાજયો અને હિમાલય ક્ષેત્રમાં પ્રકૃતિનું જે પ્રદાન છે તે નિહાળવા લોકો અગ્રતા આપે તો દેશના લોકોને પણ ઘણો લાભ થાય તેમ છે. પ્રવાસન ક્ષેત્રોનો વિકાસ અને આધુનિકીકરણ થઈ રહ્યું છે અને ભારતમાં રહેલી વિવિધતા, વન્ય અને પ્રાણી સંપત્તિ અન્ય કયાંક નથી અથવા આપણે દેશને પણ જરૂર નજીકથી નિહાળવો પડે કે જેથી ભારતનું આપણને દિલથી ગૌરવ થાય. ભારત જેવો અદ્ભૂત દેશ દુનિયામાં બીજો નથી. પરિવાર સમજી વિચારીને પોતાની મર્યાદાઓ જોઈને જે સીમિત રાખે એ પણ રાષ્ટ્રભક્ત કહી શકાય એ રીતે વડાપ્રધાને વધતી જતી વસ્તીને નિયંત્રણમાં લેવાની ખુબ શાલિનતાથી વાત રજી કરી કારણ કે વિકાસનાં મીઠા ફળ જો પ્રાપ્ત કરવા હશે તો આ વસ્તી વૃદ્ધિ દરને અંકુશિત કરવાની તાતી જરૂરિયાત છે. આ વાત દરેક - ભારતીય પરિવારને લાગુ પડે છે તેમાં કોઈ અપવાદ નથી ! ધર્મ, સંપ્રદાય, માન્યતા, રૂઢિઓ, અંધશ્રદ્ધા વગેરેમાંથી બહાર નીકળીએ તો જ નયા ભારતના સ્વપ્નને સાકાર આપી શકીશું. ટૂંકમાં પરમાણુ શસ્ત્રથી વધુ ઘાતક વધતી જતી આપણી આબાદી છે તેને કોઈ પણ પ્રકારે અટકાવવી પડશે. વધુ સંતાનો પરિવારની ચિંતા વધારે અને રાષ્ટ્રને માટે એ વધુ દબાણ ઊભું કરે છે આ બાબત પ્રજાને હવે સમજાતી જાય છે માટે વસ્તીના આંકડાનું પૃથ્થકરણ કરીએ તો ગંભીરતાનો ખ્યાલ આવે છે. વંચિતો વધે તો વિશ્વ પણ વિકૃત થઈ જાય છે. ભારત વિકાસ અને વિશ્વાસ માટે અતિ પ્રયાસો કરે છે પરંતુ નસીબ જોગે પડોશી રાષ્ટ્ર એવા મળેલા છે કે જેઓ વિકાસ વિશે વિચારતા નથી પણ દ્વેષભાવથી વિનાશ કરવાની નીતિથી વર્તી રહ્યા છે એટલે સતર્ક રહેવાની જે કાળજી લેવાની હોય તેમાથી ભારત ફુરસદ મેળવી શકતું નથી એ કડવી સચ્ચાઈ છે. ગઈકાલની વાતને છોડવી પડશે. વડાપ્રધાને હવે વેપાર ધંધા વ્યવસાયમાં ડિજિટલ થઈ જવાની સુંદર સલાહ આપી છે. આજે રોકડા કાલે ઉધારના બોર્ડ નહીં પરંતુ હવે રોકડા નહીં પણ ડિજિટલ સ્વરુપમાં કારોબાર કરવો એ વાત અતિ મહત્ત્વની કહેવાય છે. ચલણી નોટના સ્થાને ડિજિટલ વ્યવહારો થઈ જાય તો હવે સરકારને ચલણી નોટ છાપવાની ઝંઝટ અને ખર્ચાનો ખાત્મો થઈ શકે તદ્દુપરાંત નોટ હોય તો નકલી નોટ માટે સ્થાન મળ્યા જ કરશે જે આપણા અર્થતંત્રની ઘોર ખોદે છે ! ડિજિટલ ઈન્ડિયાની ઝૂંબેશમાં જોડાઈશું તો ચોક્કસ લાભ છે અને રાષ્ટ્રીય રીતે પણ અનુકૂળતા છે. પેમેન્ટ સિસ્ટમમાં ૨૦૦૮ પછી ક્રાંતિ ઊભી થઈ છે છતાં હજી લોકોની તેમાં ભાગીદારી મંદ રહીછે માટે મોદી સાહેબે આ અપીલ કરી છે. જે કોઈ યોજનાઓ ૨૦૧૪ પછી જાહેર થઈ છે તેની પાછળ ચોક્કસ હેતુઓ રહેલા છે. સ્કીલ્ડ ઈન્ડિયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા વગેરે. લઘુ અને મધ્યમ કક્ષાના જે એકમો તાલુકા યા જિલ્લા સ્તરે કાર્યરત છે તેમને મદદરુપ થવાનું પણ જાહેર કરવામાં આવ્યું છે. તેમને મદદરુપ થવાનું પણ જાહેર કરવામાં આવ્યું છે. સંગઠન તથા સહકારના સિદ્ધાંત મુજબ જો કાર્ય થાય તો કૃષિ ઉત્પાદનના ઊંચા ભાવ અવશ્ય મેળવી શકાય અને એ મુદ્દો કૃષિકારોની બમણી આવકના સરકારના એજન્ડાનો એક હિસ્સો છે. સ્થાનિક કક્ષાએ મેળવાતા ઉત્પાદનોમાં વેલ્યુ એડીશન તથા સ્માર્ટ સ્કીલ્ડ વર્ક કરીને બજારમાં ટકી વધુ લાભ ઉપલબ્ધ થઈ શકે તેવું વાતાવરણ સર્જવાની આ અપીલ ખુબ જ ઉમદા છે ત્યાં થોડી સરકારી મદદ પ્રાપ્ત થાય તો ફાયદાઓ મળી શકે છે. બહુ નાની નાની બાબતોનો પણ ઉલ્લેખ મોદી સાહેબે કર્યો કારણ કે યોગ્ય સમયે નિર્ણય થાય તો સફળતા મળી જાય છે. તમે જયાં જે પણ કામ કરો એ પૂરી નિષ્ઠા અને ભાવથી કરો તો એ પણ રાષ્ટ્રવાદ છે. આ સંદેશ બધાએ અમલી કરવો જરૂરી છે. લોકોનાં વિચાર, કર્મ, શૈલી નીતિથી ભારત વિશ્વગુરુ થઈ શકે તેવી સંભાવના વડાપ્રધાન જોઈ રહ્યા છે માટે સહકાર આપીએ. નયે યુગ મેં લિખેંગે એક નઈ કહાની હમ હિંદુસ્તાની !

શેર આસ્વાદ :

સત્ય છું શિવ છું હું સુંદર છું
પરથી પર યાને હું પરાત્પર છું
હું હતો છું હજીયે હોવાનો
હું સનાતન છું હું સદંતર છું

- અમૃત 'ઘાયલ'